K

ધી બોમ્બે પ્રીવેન્શન ઓફ એકસ કોમ્યુનિકેશન એકટ,
૧૯૪૯ ની કલમ ૬ મુજબ ફરીયાદ દાખલ કરવા
મંજૂરી આપવા બાબત.

---

ગુજરાત સરકાર,
ગૃહ વિભાગ
પરિપત્ર ક્રમાંક-વસક-૨૬૮૯-૧૫૭૬-ન,
સચિવાલય, ગાંધીનગર.
તા. 17 OCT 1989

<u>પ રિ પ ત્ર:-</u>

સરકારશ્રીના ધ્યાન ઉપર આવેલ છે કે ધી બોમ્બે પ્રીવેન્શન ઓફ એકસ કોમ્યુનિકેશન એકટ ૧૯૪૯ ની કલમ ૬ મુજબ ફરીયાદ દાખલ કરવા અંગે અરજદારને પૂર્વમંજૂરી આપવા બાબતે માર્ગદર્શન મેળવવા સારું અવાર-નવાર જિલ્લા મેજીસ્ટ્રેટસશ્રીઓની કચેરીઓ ધ્વારા રજૂઆત કરવામાં આવે છે.

પ્રસ્તુત બાબતમાં સ્પષ્ટતા કરતાં જણાવવાનું કે,ધી બોમ્બે પ્રીવેન્શન ઓફ એકસ કોમ્યુનિકેશન એકટ ૧૯૪૯ને સુપ્રિમ કોર્ટે સૈફુદીન સાહેબ વિરુધ્ધ મુંબઈ રાજ્ય,એ.આઈ.આર. ૧૯૬૨, એસ.સી.૮૫૩ના કેસના ચુકાદામાં બંધારણના આર્ટિકલ્સ-૨૬નો ભંગ કરતો હોવાને કારણે રદબાતલ જાહેર કરેલ છે. જેથી આ એકટની ૬ બી મુજબ ફરીયાદ દાખલ કરવાની મંજૂરી આપવાની રહેતી નથી.તેવી જાણ અગાઉ સરકારના તા.૨૪-૮-૮૪ના ક્રમાંક-પરચ-૨૬૮૪-૧૯૩૭-ન કરવામાં આવી છે છતાં,પુનરાવર્તન થાય છે. આથી દરેક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીઓનું ધ્યાન પુનઃઉપરોકત ચૂકાદા તરફ દોરવામાં આવે છે. અને આવા કિસ્સામાં તે કાયદાનીચે મંજુરી આપવાની રહેતી નથી તેવું સ્પષ્ટ જણાવવામાં આવે છે.આવા કિસ્સાઓમાં અરજદારની ઈચ્છા હોય તો તે પોતાની ફરીયાદ બાબતે સંબંધિત કોર્ટમાં દિવાની દાવો દાખલ કરીને ન્યાય મેળવી શકે, તેવું માર્ગદર્શન આપી શકાય.સબબ, આવા કિસ્સાઓમાં સરકારમાં માર્ગદર્શન માટે ન મોકલતાં આ સૂચનાઓ પ્રમાણે અમલ કરવા વિનંતી કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

( જે. એમ. પરમાર )
ઉપસચિવ
ગૃહ વિભાગ, ગુજરાત સરકાર.

:૨: